# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને મોરેશિયસના વડાપ્રધાને સંયુક્ત રીતે મોરેશિયસમાં અગાલેગા ટાપુ ખાતે નવી એરસ્ટ્રીપ અને જેટીનું ઉદ્ઘાટન કર્યું

ફેબ્રુઆરી 29, 2024

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને મોરેશિયસના વડાપ્રધાન મહામહિમ શ્રી પ્રવિંદ જગનાથે આજે વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા મોરેશિયસના અગાલેગા ટાપુ ખાતે છ સમુદાય વિકાસ પ્રોજેક્ટ્સ સાથે નવી એરસ્ટ્રીપ અને સેન્ટ જેમ્સ જેટીનું સંયુક્તપણે ઉદ્ઘાટન કર્યું. આ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન એ ભારત અને મોરેશિયસ વચ્ચેની મજબૂત અને દાયકાઓ જૂની વિકાસ ભાગીદારીની સાક્ષી છે અને તે મેઇનલેન્ડ મોરેશિયસ અને અગાલેગા વચ્ચે સારી કનેક્ટિવિટી, દરિયાઈ સુરક્ષાને મજબૂત કરવી અને સામાજિક-આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાની માંગને પૂર્ણ કરશે. આ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન મહત્વપૂર્ણ છે કારણ કે તે 12 ફેબ્રુઆરી 2024 ના રોજ બંને નેતાઓ દ્વારા મોરિશિયસમાં UPI અને RuPay કાર્ડ સેવાઓના તાજેતરના લોંચના અનુસંધાનમાં યોજાયેલ છે.

મોરેશિયસના વડાપ્રધાન મહામહિમ શ્રી પ્રવિંદ જુગનાથે જણાવ્યું હતું કે ભારત અને મોરેશિયસ આજે મોરેશિયસના અગાલેગા ટાપુ ખાતે છ સમુદાય વિકાસ પ્રોજેક્ટ સાથે નવી એરસ્ટ્રીપ અને સેન્ટ જેમ્સ જેટીના સંયુક્ત ઉદ્ઘાટન દ્વારા એક ઇતિહાસ રચી રહ્યા છે. આ કાર્યક્રમને બંને રાષ્ટ્રો વચ્ચે અનુકરણીય ભાગીદારીના પ્રતીક તરીકે ગણાવતા, વડાપ્રધાન જુગનાથએ મોરેશિયસ-ભારત સંબંધોને નવો આયામ આપવા બદલ અને આજે હાજર રહેવા બદલ પણ વડાપ્રધાન મોદીનો આભાર વ્યક્ત કર્યો. વડાપ્રધાન જુગનાથે કહ્યું કે "અગલેગામાં નવી એરસ્ટ્રીપ અને જેટી સુવિધાની સ્થાપના એ મોરિશિયનના બીજા સ્વપ્નની પરિપૂર્ણતા છે", અને પ્રોજેક્ટને સંપૂર્ણ રીતે ફાઇનાન્સ કરવા માટે ભારતના યોગદાનની પ્રશંસા કરી. તેમણે ભારતમાં કાર્યભાર સંભાળ્યા બાદથી ટાપુ રાષ્ટ્ર પર વિશેષ ધ્યાન આપવા બદલ સરકાર અને મોરેશિયસના લોકો વતી વડાપ્રધાન મોદીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે સમગ્ર વિશ્વમાં વડાપ્રધાન મોદીના મજબૂત નેતૃત્વ અને રાજનીતિની પ્રશંસા કરી અને ભારપૂર્વક જણાવ્યું કે ભારતીય સમુદાયે પોતાને મૂલ્યો, જ્ઞાન અને સફળતાના વૈશ્વિક પાવરહાઉસ તરીકે સ્થાપિત કર્યા છે. તેમણે માહિતી આપી હતી કે મોરેશિયસ 'જન ઔષધિ યોજના' અપનાવનાર પ્રથમ રાષ્ટ્ર બન્યું છે જેને કારણે ભારતના ફાર્માસ્યુટિકલ્સ અને મેડિકલ ડિવાઈસ બ્યુરોમાંથી લગભગ 250 ઉચ્ચ-ગુણવત્તાવાળી દવાઓનું સોર્સિંગ સંભવ બન્યું છે, જેનાથી મોરેશિયસના લોકોને મોટા પાયે ફાયદો થાય છે અને બંને દેશો વચ્ચેની ભાગીદારીને વધુ વેગ મળે છે. વડાપ્રધાન જુગનાથે મોરેશિયસને આવા મોટા પરિવર્તનીય પ્રોજેક્ટ્સને સાકાર કરવામાં મદદ કરવા

બદલ વડાપ્રધાન મોદીનો આભાર માનીને તેમનું સંબોધન સમાપ્ત કર્યું હતું જે વિકાસના ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા સાથે દરિયાઈ દેખરેખ અને સુરક્ષામાં ક્ષમતાઓ અને સિદ્ધિઓમાં નોંધપાત્ર રીતે વધારો કરશે.

આ પ્રસંગે સંબોધન કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા 6 મહિનામાં મોરેશિયસના વડાપ્રધાન મહામહિમ શ્રી પ્રવિંદ જુગનાથ સાથેની આ તેમની 5મી મુલાકાત છે જે ભારત અને મોરેશિયસ વચ્ચેની જીવંત, મજબૂત અને અનન્ય ભાગીદારીનો પુરાવો છે. તેમણે કહ્યું કે મોરેશિયસ ભારતની 'નેબરહુડ ફર્સ્ટ પોલિસી'નું મુખ્ય ભાગીદાર છે અને વિઝન સાગર હેઠળ વિશેષ ભાગીદાર છે. વડાપ્રધાને કહ્યું, "ગ્લોબલ સાઉથના સભ્યો તરીકે, અમારી સમાન પ્રાથમિકતાઓ છે અને છેલ્લા 10 વર્ષોમાં બંને દેશો વચ્ચેના સંબંધોમાં અભૂતપૂર્વ ગતિ જોવા મળી છે અને પરસ્પર સહયોગની નવી ઊંચાઈઓ હાંસલ કરવામાં આવી છે”. જૂની ભાષા અને સાંસ્કૃતિકને સ્પર્શતા સંબંધોનો ઉલ્લેખ કરતાં, વડાપ્રધાને UPI અને Rupay કાર્ડને યાદ કર્યા જેણે સંબંધોને આધુનિક ડિજિટલ કનેક્ટિવિટી પ્રદાન કરી છે.

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે વિકાસ ભાગીદારી એ બંને રાષ્ટ્રો વચ્ચેની રાજકીય ભાગીદારીના પાયાના સ્તંભો છે અને ભારત દ્વારા કરવામાં આવેલ વિકાસલક્ષી યોગદાન મોરેશિયસની પ્રાથમિકતાઓ પર આધારિત છે, પછી તે EEZની સુરક્ષા હોય કે સ્વાસ્થ્ય સુરક્ષા. વડા પ્રધાને દ્વીપ રાષ્ટ્રને ભારતના લાંબા ગાળાના સમર્થનને ઉજાગર કરતા જણાવ્યું હતું કે, "ભારતે હંમેશા મોરેશિયસની જરૂરિયાતોનો આદર કર્યો છે અને પ્રથમ પ્રતિસાદકર્તા તરીકે કામ કર્યું છે, પછી તે કોવિડ રોગચાળો હોય કે તેલનો ફેલાવો”. તેમણે કહ્યું કે ભારતનો મુખ્ય ઉદ્દેશ્ય છે મોરેશિયસના લોકો માટે સકારાત્મક પરિવર્તન. પ્રધાનમંત્રીએ માહિતી આપી કે, છેલ્લા 10 વર્ષોમાં, ભારતે મોરેશિયસના લોકો માટે 400 મિલિયન યુએસ ડોલરની સહાય સાથે 1,000 મિલિયન યુએસ ડોલરની ક્રેડિટ લાઇન વધારી છે. તેમણે ટિપ્પણી કરી હતી કે ભારત, મોરેશિયસમાં મેટ્રો રેલ લાઈનો, સામુદાયિક વિકાસ પ્રોજેક્ટ્સ અને સામાજિક આવાસ, ENT હોસ્પિટલ, સિવિલ સર્વિસ કોલેજ અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં યોગદાન આપવા માટે ભાગ્યશાળી છે.

વડા પ્રધાને ખુશી વ્યક્ત કરી કે તેઓ અગલેગાના લોકોને 2015માં આપેલા તેમના વચનને પૂર્ણ કરી શક્યા છે. વડા પ્રધાને જણાવ્યું હતું , "આ દિવસોમાં, ભારતમાં આને મોદી કી ગેરંટી કહેવામાં આવે છે. આજે સંયુક્ત રીતે ઉદ્ઘાટન કરાયેલ આ સુવિધાઓ લોકોના જીવનની સરળતામાં વધારો કરશે". તેમ અને એમ પણ જણાવ્યુ હતું કે તે મોરેશિયસના ઉત્તર અને દક્ષિણ ભાગો વચ્ચે જોડાણ સાધવામાં સુધારો કરશે અને મુખ્ય ભૂમિ સાથે વહીવટી જોડાણમાં સુધારો કરશે. આ સાથે શાળાના બાળકોના સ્વાસ્થ્ય, સ્થળાંતર અને પરિવહનમાં સુધારો થશે.

હિંદ મહાસાગર ક્ષેત્રમાં પરંપરાગત અને બિન-પરંપરાગત પડકારોનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત અને મોરેશિયસ આ પડકારોનો સામનો કરવા માટે દરિયાઈ સુરક્ષામાં કુદરતી ભાગીદાર છે. ભારતના વડાપ્રધાને ઉમેર્યું , "અમે હિંદ મહાસાગર ક્ષેત્રમાં સુરક્ષા, સમૃદ્ધિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવા સક્રિયપણે કામ કરી રહ્યા છીએ. અમે વિશિષ્ટ આર્થિક ક્ષેત્રની દેખરેખ, સંયુક્ત પેટ્રોલિંગ, હાઇડ્રોગ્રાફી અને માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત જેવા તમામ ક્ષેત્રોમાં સહકાર આપી રહ્યા છીએ". તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે અગાલેગા ખાતે એરસ્ટ્રીપ અને જેટીનું આજનું ઉદ્ઘાટન બંને દેશો વચ્ચેના સહકારને વધુ આગળ વધારશે અને સાથે-સાથે મોરેશિયસની ઝાંખી-નબળી અર્થવ્યવસ્થાને પણ મજબૂત બનાવશે.

મોરેશિયસમાં જન ઔષધિ કેન્દ્રોની સ્થાપના કરવાના વડાપ્રધાન જુગનાથના નિર્ણયની પ્રશંસા કરતાં વડા પ્રધાને જણાવ્યું હતું કે આ સાથે મોરેશિયસ ભારતની જન ઔષધિ પહેલમાં જોડાનાર પ્રથમ દેશ બન્યો છે જે વધુ સારી ગુણવત્તાની મેડ-ઇન-ઇન્ડિયા જેનરિક દવાઓ પૂરી પાડીને મોરેશિયસના લોકોને લાભાન્વિત કરશે.

સંબોધન સમાપ્ત કરતાં, વડા પ્રધાને તેમના મોરિશિયન સમકક્ષને તેમની દૂરંદેશી દ્રષ્ટિ અને ગતિશીલ નેતૃત્વ માટે અભિનંદન આપ્યા હતા. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારત અને મોરેશિયસના સંબંધો આવનારા સમયમાં નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરશે.

**નવી દિલ્હી**
**29 ફેબ્રુઆરી, 2024**